મોદી ભારતના વડાપ્રધાન હશે : યશવંત સિંહા

નવી દિલ્હી,તા. ૧

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતીના વડા નરેન્દ્ર મોદી દેશના આગામી વડાપ્રધાન બનશે. આજે સવારે ભાજડપના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણાં પ્રધાન યશવંતસિંહાએ પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. યશવંતસિંહા જેવા વરિષ્ઠ નેતાનો પણ હવે મોદીને ટેકો મળી ગયો છે. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે મોદી દેશના આગામી વડાપ્રધાન રહેશે. ભૂતપૂર્વ નાણાં પ્રધાને હાલમાં નરેન્દ્ર મોદી સામે બળવાનુ રણશિંગુ ફુંકી ચુકેલા શત્રુઘ્નસિંહાને શિસ્તમાં રહેવાની પરોક્ષ સલાહ આપી હતી. તેમણે કહ્યું હતું કે બિન જરૂરી નિવેદન કરવાથી હાલ દુર રહેવાની જરૂર છે. શત્રુઘ્નસિંહા સામે ટુંકમાં જ શિસ્તના પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઇ રહી છે.

પક્ષના પીઢ નેતા અડવાણી સહિત તમામની સાથે વાતચીત કરી સર્વસંમતિથી નેતાની પસંદગી કરવાની વાત સિહાએ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શત્રુઘ્ને હાલમાં બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમારની પ્રસંસા કરી હતી. નિતીશ કુમાર જેડીયુના નેતા છે. જેડીયુ દ્વારા એનડીએ સાથે સંબંધો તોડી લેવામાં આવ્યા છે. અભિનેતામાંથી રાજકારણી બનેલા શત્રુઘ્નના નિવેદનથી ભાજપમાં હાલ નારાજગી દેકાઇ રહી છે. નિતીશ કુમાર અને નરેન્દ્ર મોદી આમને સામને છે. મોદીની બિન સાંપ્રદાયિકતા સામે તાજેતરમાં જ નિતીશ કુમારે પ્રશ્નો ઉઠાવ્યા હતા. પક્ષને નુકસાન કરે તેવા વિવાદાસ્પદ નિવેદન કરવાથી દુર રહેવા સિંહાએ પોતાના સાથીને સલાહ પણ આપી હતી. સિંહાના નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મોદીની તરફેણ કરનાર સભ્યોની સંખ્યા હવે સતત વધી રહી છે. મોદી છાવણી હાલમાં જોરદાર રીતે સક્રિય થયેલી છે. ચૂંટણીની વ્યુહરચના આપનાવવામાં આવી ચુકી છે. નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા માત્ર રાજકીય પક્ષોમાં જ નહીં બલકે યુવા પેઢીમાં પણ જોરદાર રીતે વધી રહી છે.

ભાજપ દબાણ સમક્ષ ઝુકવા શત્રુઘ્નસિંહાનો સ્પષ્ટ ઈન્કાર

પટણા,તા. ૧

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારના વડાપ્રધાન બનવાની લાયકાત છે તેવું નિવેદન કરીને ભારે વિવાદ જગાવનાર ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહા હજુ પણ પોતાના વલણ પર મક્કમ છે. પક્ષના દબાણ સમક્ષ ઝૂકવાનો શત્રુઘ્નસિંહાએ ઈન્કાર કર્યો છે અને કહ્યુ છે કે તેઓએ આ નિવેદન બિહારના હિતમાં આપ્યુ છે. તેઓ કોઈ ખોટી બાબતને સમર્થન આપશે નહીં. ફિલ્મસ્ટારના નિવેદનથી ભાજપમાં એક બાજુ નારાજગીનું મોજુ ફરી વળ્યુ છે. બીજી બાજુ જેડીયુના નેતાો ખુશ દેખાઈ રહ્યા છે. ભાજપના વરિષ્ઠનેતા સીપી ઠાકુરે નારાજગી વ્યક્ત કરીને કહ્યુ છે કે આ પ્રકારના નિવેદનથી પક્ષને નુકસાન થઈ રહ્યુ છે. આ શિસ્તની વિરુદ્ધમાં નિવેદન

છે. પક્ષ તેમની સામે કાર્યવાહી કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારના દિવસે શત્રુઘ્નસિંહાએ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારની પ્રશંસા કરી હતી અને એમ પણ કહ્યુ હતુ કે નીતિશકુમારમાં વડાપ્રધાન બનવાનાની તમામ લાયકાત રહેલી છે. નીતિશકુમારને થોડાક દિવસ પહેલા જ શત્રુઘ્નસિંહા મળ્યા હતા. શત્રુઘ્નસિંહા ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપ ચૂંટણીપ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદી સામે બળવાનો ધ્વજ ઉઠાવી ચુક્યા છે. હાલમાં જ શત્રુઘ્નસિંહાએ એમ કહીને વિવાદ જગાવ્યો હતો કે મોદીને વડાપ્રધાન બનાવવાના પ્રયાસમાં સિનિયર નેતાઓની અવગણના કરવામાં આવી રહી છે જેમાં અડવાણી, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી, જશવંતસિંહનો સમાવેશ થાય છે. શત્રુઘ્નસિંહાના આ નિવેદનથી પક્ષના તમામ નેતાઓ નારાજ થયા હતા.

તેલંગાણા રચના પ્રક્રિયાથી દેશ નબળો પડશે : અણ્ણા

આઝમગઢ,તા. ૧

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ અલગ તેલંગાણા રાજ્યની રચનાની પ્રક્રિયા શરૂ કરવામાં આવ્યા બાદ આ નિર્ણયને અયોગ્યતરીકે ગણાવીને કહ્યુ હતુ કે આનાથી દેશ નબળો પડશે. જનતંત્ર યાત્રા હેઠળ અહીં પહોંચેલા અણ્ણા હજારેએ પત્રકાર સાથેની વાતચીતમાં કહ્યુ હતુકે દેશમાં તેલંગાણા રાજ્યની રચનાના પ્રયાસો થઈ રહ્યા છે. જો આ રાજ્યની રચના કરવામાં આવશે તો દેશમાં અન્ય કેટલાક રાજ્યોની માંગણી પણ વધુ તીવ્ર બનશે. જિલ્લાઓમાં વિભાજનની માંગણી પણ થવા લાગશે. તેમણે ઉમેર્યુ હતુ કે સરકારે અલગ તેલંગાણા રાજ્યની રચનાની જે કવાયત હાથ ધરી છે તેનાથી દેશ નબળો થશે. દેશની વર્તમાન સ્થિતિ તમામ લોકોની સામે છે. અણ્ણાએ એમપણ કહ્યુ હતુ કે સંસદમાં સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવતા લોકો પહોંચે તેની ખાતરી કરવા માટે લોકોને જાગૃત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ જ કારણસર તેમની જનતંત્ર યાત્રા ચાલી રહી છે. અણ્ણાએ કહ્યુ હતુ કે બાબા રામદેવ અને અરવિંદ કેજરીવાલ થયા બાદ પણ આ જનતંત્ર યાત્રાને વ્યાપક સમર્થન મળી ગયુ છે. અણ્ણાએ એમ પણ કહ્યુ હતુ કે તેમની ટીમમાં સામેલ રહેલા લોકો ચૂંટણી લડી શકશે નહીં પરંતુ આ તમામ લોકો દેશની સેવામાં રહેશે. સંસદના મોનસૂન સત્રના પ્રથમ દિવસથી તેઓ જનલોકપાલ માટે નવી દિલ્હીના રામલીલા મેદાનમાં ફરી અનશન કરશે.

મહાબોધી મંદિરની સુરક્ષા હવે સીઆઇએસએફ કરશે

નવી દિલ્હી,તા. ૧

બોધગયામાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ મહાબોધી મંદિરની સુરક્ષાની જવાબદારી હવે સીઆઈએસએફ દ્વારા કરવામાંઆવશે. દેશમાંપ્રથમ ધાર્મિક સ્થળની સુરક્ષા હવે અર્ધલશ્કરી દળ દ્વારા કરવામાં આવસે. સાતમી જુલાઈના દિવસે બોધગયાના મહાબોધી મંદિર સંકુળમાં સિરિયલ બોંબ બ્લાસ્ટ થયા હતા. જેથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યું હતુ. બિહારમાં નિતીશ કુમાર સરકાર દ્વારા કરવામાં આવેલી વિનંતિને સ્વીકારી લેવામાં આવી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના ટોચના અધિકારીએ માહિતી આપતા કહ્યં હતું કે બિહાર સરકાર મહાબોધી મંદિર ખાતે તૈનાત કરવામાંઆવનાર સીઆઈએસએફના જવાનોના ખર્ચની જવાબદારી સંભાળશે. કોઈ ધાર્મિક સ્થળની સુરક્ષાની જવાબદારી અર્ધલશ્કરી દળ સંભાળશે તેવુ પ્રથમ

વખત બનશે.

સીઆઈએસએફ મુળભુત રીતે દેશના વિમાનીમથક, પરમાણુ સ્થળો અને ચાવીરૂપ સરકારી ઈમારતોમાં તૈનાત રહે છે. મહાબોધી મંદિરમાં બ્લાસ્ટ થયા બાદ દેશમાં ચકચાર મચી ગઈ હતી. આ બ્લાસ્ટના મામલે હજુ પણ ઉંડી તપાસ ચાલી રહી છે. એનઆઈએ દ્વારા તપાસ કરવામા આવી રહી છે. જુદા જુદા એંગલથી તપાસ કરાઈ હોવા છતાં હજુ સુધી નક્કર સફળતા સુરક્ષા દળોને હાથ લાગી નથી. ગુપ્ત સ્થળોએ દરોડા પણ પાડવામાં આવી રહ્યા છે. ઈનામની જાહેરાત પણ કરવામાં આવી છે. કેટલાક શકમંદોના સ્કેચ પણ જારી કરવામાં આવી ચુક્યા છે. જો કે સમગ્ર મામલે મોટી સફળતા હજુ મળી હતી. ઈન્ડિયન મુજાહીદ્દીન સંગઠન પર બ્લાસ્ટ કરવાની શંકા છે. સાતમી જુલાઈના દિવસે સવારે મંદિર સંકુળમાં બ્લાસ્ટ થયા હતા. જેમાં બેને ઈજા થઈ હતી. કુલ દસ બ્લાસ્ટ થયા હતા. ત્રણ બોંબ જીવતા પણ મળી આવ્યા હતા. જો કે મોટી ખુવારી ન થતા તંત્રને મોટી રાહત થઈ હતી. આટલી મોટી સંખ્યામાં બોંબ કઈ રીતે અને ક્યારેય પ્લાન્ટ કરવામાં આવ્યા તે અંગે હજુ કોઈ માહિતી હાથ લાગી નથી. મહાબોધી બાદ હવે અન્ય ધાર્મિક સ્થળોની સુરક્ષાની જવાબદારી સીઆઈએસએફને સોંપાય તેવી વકી છે.

૧૨ મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીના ફોટાઓ બધી જગ્યાએ મુકાશે

મુંબઈ,તા. ૧

દેશના જુદા જુદા ભાગોમાં થયેલા પ્રચંડ બ્લાસ્ટમાં સામેલ રહેલા ૧૨ મોસ્ટ વોન્ટેડ ઈન્ડિયન મુજાહિદ્દીનના આંતકવાદીઓના ફોટાઓ ટૂંકમાં જ રોડ જંકશનો અને મુંબઈ શહેરના તમામ પોલીસ સ્ટેશનોમાં મૂકવામાં આવશે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા જરૂરી સુચનાઓ દેશભરના તમામ પોલીસ કમિશનરોને આપવામાં આવી છે. એનઆઈએ દ્વારા જાહેરાત કરી છે કે આ ઈન્ડિયન મુજાહિદ્દીના શખ્સો અંગે અથવાતો તેમના અડ્ડાઓ અંગે માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ અપાશે. ઈન્ડિયન મુજાહિદ્દીનના ૧૨ શખ્સોના નામ પણ જાહેર કરવામાં આવી ચુક્યા છે. રાજ્યના એટીએસ વડા રાકેશ મારિયાએ કહ્યુ છે કે ભૂતકાળમાં મહારાષ્ટ્રમાં થયેલા બ્લાસ્ટમાં સામેલ રહેલા ઈન્ડિયન મુજાહિદ્દીનના ચાર આતંકવાદીઓના ફોટાઓ આ જ રીતે રજુ કરાયા હતા. દેશભરના જુદા જુદા ભાગોમાં છેલ્લા ઘણા સમયમાં થયેલા બ્લાસ્ટમાં સંડોવણી બદલ એનઆઈએ દ્વારા આઈએમમાં ૧૨ સભ્યો વોન્ટેડ રહ્યા છે. ૨૬મી જુલાઈના દિવસે પરિપત્ર જારી કરીને આ અંગેની સૂચના જારી કરાઈ હતી. ૧૨ આતંકવાદીઓ પૈકી કુખ્યાત આતંકવાદી ભટકલ બંધુઓ કોઈ સમયે કુર્લામાં રહેતા હતા પરંતુ તેમની ધરપકડ કરાશે તેવી બાતમી મળી ગયા બાદ ફરાર થઈ ગયા હતા. એનઆઈએના અધિકારીનું કહેવું છે કે સપ્ટેમ્બર ૨૦૦૮માં બાટલા હાઉસ એન્કાઉન્ટર બાદ આ આતંકવાદી સંગઠનને મોટો ફટકો પડ્યો હતો. જેથી આગામી યોજનાને અંજામ આપવામાં તેમને બે વર્ષનો સમય લાગી ગયો હતો. ઈન્ડિયન મુજાહિદ્દીને બાટલા હાઉસ બાદ ફેબ્રુઆરી ૨૦૧૦માં જર્મન બેકરી બ્લાસ્ટ કર્યા હતા.

સ્પોટ ફિક્સિંગ મામલે શ્રીસંત ફરી જેલ ભેગો થાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૧

આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલાના ૨૧ આરોપીઓના જામીનને રદ કરવાની માંગ કરીને દિલ્હી પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કોર્ટે રાજસ્થાન રોયલ્સના સસ્પેન્ડ કરવામાં આવેલા ખેલાડી શ્રીસંત, ચવ્વાણ અને અન્ય ૧૯ આરોપીઓની સામે નોટીસ જારી કરી છે. પોલીસે ૩૯ આરોપીઓની સામે ચાર્જશીટ દાખલ કરીને તેમના જામીન રદ કરવાની માંગ કરી હતી. આ અરજી પર સુનાવણી વેળા નોટીસ જારી કરવામાં આવી છે. નોટીસનો જવાબ આપવા માટે આરોપીઓને ૨૧મી ઓગષ્ટ સુધીની મહેતલ આપવામાંઆવી છે. આશરે ૬૦૦૦ પાનાની ચાર્જશીટ પોલીસ દાખલ કરી ચુકી છે. આરોપીઓ પર આઈપીસીની કલમ હેઠળ આક્ષેપો કર્યા છે. તમામ પર છેતરપિડી, અપરાધિક કાવતરા ઘડી કાઢવા અને મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ હેટળ કઠોર જોગવાઈ હેઠળ આરોપો મુકવામાં આવ્યા છે. આ જ આધાર

પર સ્પેશિયલ સેલ દ્વારા અરજી દાખલ કરીને ૨૧ આરોપીઓની જામીન રદ કરવાની માંગ કરી હતી જે ૧૦મી જુનના આદેશ બાદ જામીન પર છે.

રાજસ્થાન રોયલ્સના ખેલાડી શ્રીસંત અને ચવ્વાણ પણ જામીન પર છે. પોલીસ તરફથી સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રાજીવ મોહને કોર્ટમાં કહ્યું હતું કે પહેલા આરોપીઓની સામે પુરતા પુરાવા ન હતા જેથી તેમને જામીન મળી ગયા હતા પરંતુ હવે તેમની સામે પુરતા પુરાવા છે. તમામના ડોન દાઉદ અને તેના સાથી છોટા શકીલ સાથે સંબંધ હતા તમામ દાઉદ અને શકીલના ઈશારે કામ કરી રહ્યા હતા. ૧૦મી જુનના દિવસે કોર્ટે જામીન આપતા કહ્યું હતું કે તેમની સામે કોઈ નક્કર પુરાવા નથી પરંતુ હવે પોલીસે ચાર્જશીટની સાથે સાથે ૩૯ આરોપીઓની પારસ્પરિક વાતચીત અને એકબીજાને મોકલવામાં આવેલા મેસેજ સાથે જોડાયેલી બે હજાર પાનાની વિગત પણછે. રાજીવ મોહને કહ્યું છે કે સીએફએસએલના અહેવાલમાં આરોપીઓની પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે વિદેશમાં બેઠેલા તેમના અંડરવર્લ્ડના આકાઓ સાથે કરવામાં આવેલી વાતચીતની ઓળખ પણ છે. પોલીસની જોરદાર રજૂઆત બાદ હવે ૧૯ સામે નોટીસ જારી છે. તમામને ૨૧મી સુધી જવાબ આપવાની સુચના આપવામાં આવી છે.

ધબકતું અને રહેવું ગમે એવું વ્હાલું ગાંધીનગર

(પાના નં. ૪ નું ચાલુ)

સર્વશ્રી મોહંમદ માંકડ, દોલત ભટ્ટ, ગોરવ્લન શર્મા, હરિકૃષ્ણ પાઠક, ડૉ. કેશુભાઈ દેસાઈ, દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, ડૉ. મહાવીરસિંહ ચૌહાણ, પ્રવીણ ગઢવી, ભાનુપ્રસાદ ત્રિવેદી, ડંકેશ ઓઝા, કનૈયાલાલ પંડ્યા વગેરે સાહિત્યસર્જકો નગરવાસી છે. જે આપણા ગૌરવરૂપ છે. ગાંધીનગરમાં સર્જકોની યાદી ઘણી જ લાંબી થાય. એક પુસ્તક પ્રકાશિત થયું હોય એવા લેખકો - કવિઓની નામાવલિ સહેજે ૨૫૦-૩૦૦ ની થવા સંભવ છે. તો સામે ૫૦-૧૦૦ ઉપરાંત પુસ્તકો આપનાર પણ ઘણા સર્જકો અહીં છે. સ્થળ સંકોચને કારણે અત્યંત નમ્રભાવે, કોઈ જ ગ્રહ-પૂર્વગ્રહ વિના અહીં થોડા નામનો ઉલ્લેખ કર્યો છે. નામોલ્લેખ નથી થયો તેવા પણ અત્યંત આદરણીય, સનિષ્ઠ, આત્મીય સર્જકો ગાંધીનગરમાં છે જ.

સાંસ્કૃતિક - કલા વિષયક પ્રવૃતિઓ આ નગરના જીવંત ધબકાર સમી બની રહી છે. નાટક, ગરબા, સંગીત, નૃત્ય, લયાન્વિત બની, મલકતું રહે છે. કલ્ચરલ ફોરમ, કલાગુર્જરી, શિવરંજની, આર્ટ લવર્સ, સંસ્કૃતિ, સંગીત નાટક અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી, યુવક-સેવા સાંસ્કૃતિક વિભાગ, માહિતી વિભાગ, અરવિંદ કેન્દ્ર, સાર્વજનિક ગણેશ મહોત્સવ મંડળો, જયોતિ મહિલા મંડલ, સૂરમધુર, કલાવૃંદ, અવસર, પનઘટ, મલ્હાર, રમઝટ, કુમકુમ, થનગનાટ, સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, રોટરી કલબ, આત્મન્ ફાઉન્ડેશન, શહેર વસાહત મહામંડળ, ઉદ્‌ગમ ટ્રસ્ટ, જાગૃત નાગરિક પરિષદ, ગાંધીનગર સાહિત્ય સભા, કલરવ, વિવિધ સમાજનાં સંગઠનો - મંડળો વગેરે વગેરે સંસ્થાઓ, એમના સહયોગીઓ કલા-સાંસ્કૃતિક, સામાજિક સેવાકીય, પ્રવૃત્તિઓ દ્વારા નગરના સંસ્કાર-વારસાને સતત જીવંત રાખી રહ્યા છે. આ સંસ્થાઓની નામાવલિ પણ ઘણી લાંબી થઈ શકે, અહીં માત્ર અછડતા ઉલ્લેખ જ કર્યા છે.

ઉદ્યોગ-ધંધા ક્ષેત્રે પણ નગરનો વિકાસ ખૂબ સારો થયો છે.

સમગ્ર ગાંધીનગર જિલ્લો સર્વક્ષેત્રીય વિકાસ સાથે ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાત વિધાનસભા, અડાલજની વાવ, અક્ષરધામ, વૈજનાથ-વાસણિયા મહાદેવ, પંચદેવ મંદિર, મહુડીનું ઘંટાકર્ણ વીરનું મંદિર, અડાલજનું ત્રિ-મંદિર, રૂપાલનું વરદાયિની મંદિર, અમરનાથ ધામ, જૈન તીર્થ કોબા, ઈન્દ્રોડા પાર્ક, મહાત્મા મંદિર, લોદરા હનુમાન મંદિર, સેક્ટર-૨૮નો બાલોદ્યાન, પુનિત વન, વનચેતના કેન્દ્ર વગેરે જોવાલાયક સ્થળો છે.

આવા ધબકતા ગાંધીનગર માટે તો વિશેષ શું કહેવું? એને પ્રેમભરી સલામ... હૃદયનું વ્હાલ.

એચડીએફસી-એક્સીસ બેંકે ડીપોઝિટ રેટ વધાર્યો

નવી દિલ્હી,તા. ૧

ટાઈટ લિક્વિડીટીની પરિસ્થિતિનો સામનો કરી રહેલી બે ખાનગી સેક્ટરની બેંકો એચડીએફસી બેંક અને એક્સીસ બેંકે તેમના થાપણોના રેટમાં વધારો કરી દીધો છે. અન્ય બેંકો પણ આ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. દેશની બીજી સૌથી મોટી ખાનગી સેક્ટરની બેંક એચડીએફસી બેંકે ફિક્સ ડિપોઝીટના રેટમાં ૧૫ દિવસથી છ મહિના વચ્ચેની પાકતી મુદ્દત માટે ફિક્સ ડિપોઝીટના રેટમાં એક ટકાનો વધારો કર્યો છે. આ નવી વ્યવસ્થા ૨૭મી જુલાઈથી અમલી બનાવી દેવામાં આવી છે. જ્યારે એક વર્ષથી ઓછી પરંતુ છ મહિનાથી વધુ પાકતી મુદ્દત માટે વ્યજદરમાં આ બેંકે ૦.૭૫ ટકા સુધીનો વ્યાજદર વધાર્યો છે. એક્સિસ બેંકે પણ ટર્મ ડિપોઝિટ પર વ્યાજદર ૧૪થી ૨૯ દિવસ વચ્ચેની પાકતી મુદ્દત માટે વધારી દીધો છે. જ્યારે ૭થી ૧૪ દિવસના કેસમાં પણ વ્યાજદર વધારવામાં આવ્યો છે. ગઈકાલે જ ખાનગી સેક્ટરની બેંક યશબેંકે ધીરાણ અને ડિપોઝિટના રેટમાં ૦.૫ ટકા સુધીનો વધારો કર્યો હતો.

કૈલાસ માનસરોવર યાત્રા રદ કરાઈ

નવી દિલ્હી,તા. ૧

સરકારે ઉત્તરાખંડમાં આવેલા વિનાશકારી પૂર અને તેની સાથે જોડાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનેભારે નુકસાન થવાના પરિણામ સ્વરૂપે કૈલાસ માનસરોવર યાત્રાને રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. બાકીના તમામ ૧૫-૧૮ કાફલાઓની યાત્રા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તરાખંડમાં ઉભી થયેલી સ્થિતિની સમિક્ષા ઉચ્ચસ્તરે કરવામાં આવી હતી. ત્યારબાદ સરકારે કાફલા સંખ્યા ૧૧-૧૪ને રોકવાનો નિર્ણય લીધો હતો. સરકારે ટુકડી ૧-૧૦ની યાત્રા પણ રદ કરી દીધી છે. કૈલાસ માનસરોવરની યાત્રા માટે કુલ ૧૮ ટુકડી રવાના કરવામાં આવનાર હતી. કૈલાસ માનસરોવરની યાત્રાનું વિશેષ મહત્વ ભારતીય શ્રદ્ધાળુઓ માટે રહેલુ છે. મૂળભૂતરીતે તિબેટમાં આ સ્થળ આવેલું છે. ભૌગોલિક દૃષ્ટિએ જોવામાં આવે તો માનસરોવર દરિયાઈ સપાટીથી ૪૫૯૦ મિટરની ઉંચાઈએ સ્થિત છે. ખૂબજ જટિલ યાત્રા હોવાથી આમાં ઘણીબધી હોનારતો પણ બને છે. આની સાથે જ ઘણી માન્યતાઓ જોડાયેલી છે. માનસરોવર શબ્દ મૂળભૂતરીતે સંસ્કૃતમાંથી આવે છે. ધાર્મિક મહત્વના લીધે અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. હિન્દુ માન્યતા મુજબ માનસરોવરમાં જે શ્રદ્ધાળુ પહોંચે છે તે શ્રદ્ધાળુ પાણી પિવાથી મૃત્યુ બાદ ભગવાન શિવની નજીક પહોંચે છે. તેના તમામ પાપ દૂર થઈ જાય છે. હિન્દુ ધર્મ મુજબ આ સરોવરની રચના ભગવાન બ્રહ્મા દ્વારા કરવામાં આવી હતી જેથી જ સંસ્કૃતમાં જ આનું નામ રાખવામાં આવ્યુ હતુ.

મુશર્રફને ટાર્ગેટ બનાવવાની ત્રાસવાદીઓની નવી યોજના

ઈસ્લામાબાદ,તા. ૧

પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફ પર મોતનો ખતરો તોળાઈ રહ્યો છે. ઈન્ટેલિજન્સ સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે તાલિબાની ત્રાસવાદીઓ ઈસ્લામાબાદમાં તેમના નિવાસ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા છે. આ ઈન્ટેલિજન્સ બાતમી આવ્યા બાદ મુશર્રફના આવાસ પર સુરક્ષા વધારે મજબુત કરી દેવામાં આવી છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન બેનેઝીર ભુટ્ટોની ઘાતકી હત્યાના કાવતરા સહિત અનેક ફોજદારી કેસોના સંબંધમાં મુશર્રફ ૧૯મી એપ્રિલથી ઈસ્લામાબાદ ખાતે ચક શહેઝાદ ખાતે તેમના ફાર્મ હાઉસ ખાતે અટકાયત હેઠળ છે. મુશર્રફને હાલમાં નજર કેદમાં રાખવામાં આવેલા છે. મુશર્રફ પર ભુટ્ટોની હત્યાના કાવતરા, નવેમ્બર ૨૦૦૭માં કટોકટી લાદવામાં આવી ત્યારે ૬૦ સિનિયર જજોની હકાલપટ્ટી કરવા અને વર્ષ ૨૦૦૬માં દક્ષિણપશ્ચિમ બલોચિસ્તાનના શક્તિશાળી નેતા નવાબ અકબર બુગુટીની હત્યાના કેસમાં તેમના પર આક્ષેપ થયેલા છે.

ઈન્ટેલિજન્સ તરફથી બાતમી મળ્યા બાદ સુરક્ષા સંસ્થાઓએ તમામ સંબંધિત વિભાગોના વડાઓને જાણકરી છે અને સુરક્ષામાં વધારો કરવા રજૂઆત કરી છે. અધિકારીઓને સાવધાન રહેવાની સુચના આપવામાં આવી છે. ઈન્ટેલિજન્સ સુત્રોએ કહ્યું છે કે ત્રાસવાદીઓ સુરક્ષા અધિકારીઓના વેશમાં આવીને હુમલો કરી શકે છે. સેનાના પૂર્વ વડા પર હુમલો કરવાની યોજના તહેરીકે તાલિબાન પાકિસ્તાન અને સિપાહે સહાબા પાકિસ્તાનના આકાઓ બનાવી રહ્યા છે. પંજાબ સ્થિત એસએસપી અને અન્ય કેટલાક સંગઠનો પર મુશર્રફે જ્યારે તેઓ પાકિસ્તાનના પ્રમુખ હતા ત્યારે પ્રતિબંધ મુકયા હતા. મુશર્રફ પર અગાઉ હત્યા કરવાના ત્રણ પ્રયાસો કરવામાં આવી ચુક્યા છે. જ્યારે તેઓ દેશના પ્રમુખ હતા ત્યારે આ પ્રયાસો થયા હતા.

સમાચાર ઝલક

- ઉત્તર ગુજરાતના મુકતેશ્વર ડેમમાં ઓછા વરસાદથી પાણીની નહિવત આવક.
- મનરેગા મજુરોને વિના મૂલ્યે મોબાઈલ મફતમાં મળશે.
- ૨૭ નવા રાજયોની માંગણી જોર પકડશે.
- મુંબઈના મટકાકિંગ સુરેશ ભગતની હત્યામાં પત્ની-દિકરા સહિત ૬ ને આજીવન કેદ.
- રાજસ્થાનમાં મધ્યાહન ભોજનમાંથી ગરોળી નીકળી, ૭૯ બાળકો બિમાર, ૩ ગંભીર.
- જામનગરમાં કોલસા કૌભાંડમાં ધારાસભ્ય શ્રી રાઘવજીભાઈ પટેલના પુત્ર શ્રી જયેન્દ્રકુમાર પટેલની પુછપરછ.
- માલગાંવમાં પુરની પરિસ્થિતિ જાણવા ગયેલા પાંચ સરકારી ઈજનેરો પર ભેખડ ધસી પડતા મોત.
- સાઉદી કોર્ટે ઉદાર વિચારો દર્શાવનાર તંત્રીને ૭ વર્ષની સજા ૬૦૦ કોરડાની સજા ફટકારી.
- કરાંચીમાં સતત હિંસાથી ધંધા વેપાર બંધ.
- રાજકોટામં પરિવર્તન પાર્ટીના કાર્યકરોમાં પરિવર્તન. કોંગ્રેસ-ભાજપમાં જોડાયા.
- અન્ના હજારે શિયાળુ સત્ર દરમિયાન અનશન આંદોલન કરશે.
- સૌરાષ્ટ્રમાં ઝડપથી પ્રસરતો હૃદયરોગ જેના કારણે જલેબી-ગાંઠીયાનો નાસ્તો - ડો. મનીષ મેરવાણી.
- 'ગૌમાતા' ૨૧મી સદીમાં આર્થિક અને સામાજીક પરિવર્તનનું કેન્દ્ર બનશે.
- વિધાનસભાના અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા પર પ્રોસ્ટેટનું ઓપરેશન.
- કુપોષણ રોકવા આંગણવાડીઓના સમય ૩ને બદલે ૬ કલાકનો થશે.
- વડોદરા નજીક દેવ નદીમાં કપડાં ધોતી મહિલાને મગર ખેંચી ગયો.
- મોબાઈલ સેવામાં ધાંધિયાની ફરિયાદ હવે એસ.એમ.એસ.થી થઈ શકશે.
- સીરીયાના આંતરિક યુદ્ધના કારણે ૭ લાખની વસ્તી ધરાવતું ખલ્દિયા શહેર કબ્રસ્તાન જેવું બનેલ છે.
- પંજાબના સરહિંદ કેનાલમાં બસ ગબડતાં ૨૯ ગુમ પાણીમાં તણાઈ ગયા હોવાનો ભય.
- મોજશોખની ચીજવસ્તુઓ મોંઘી થશે. ડયુટી વધારવાનો સંકેત.
- દહેજમાં આકાર લેતો એક હજાર કરોડનો કેમિકલ પ્લાન્ટ.